અમદાવાદ, ગુરુવાર, તા. ૪ જૂલાઈ, ૨૦૨૪

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

# પૌષક લિમિટેડ

CIN: L51909GJ1972PLC044638
રજીસ્ટર્ડ ઑફિસઃ એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૩
ફોનઃ +૯૧ ૨૬૫ ૬૬૩૭૦૦૦ • ઈ-મેલ : investors@paushak.com
વેબસાઈટઃ www.paushak.com

## નોટીસ

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની **૫૧મી વાર્ષિક સામાન્ય સભા ("એજીએમ") શુક્રવાર, તા. ૨જી ઓગષ્ટ, ૨૦૨૪** ના રોજ **સાંજે ૫:૦૦ કલાકે** એજીએમની નોટીસમાં જણાવ્યા મુજબના વ્યવહાર માટે કંપની ધારા, ૨૦૧૩ અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ("સેબી લિસ્ટીંગ રેગ્યુલેશન્સ, ૨૦૧૫") ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ ("MCA") તથા સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("SEBI") દ્વારા સમયાંતરે જારી કરાયેલ વિવિધ પરિપત્રો દ્વારા નિર્ધારિત પ્રક્રિયાઓનું પાલન કરતા વિડિયો કોન્ફરન્સિંગ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ ("OAVM") દ્વારા યોજાશે.

એજીએમની નોટીસ સહિતના વાર્ષિક અહેવાલો જેમાં VC / OAVM દ્વારા એજીએમમાં જોડાવવા તથા ઈ-વોટીંગ કરવાની પ્રક્રિયા અને પદ્ધતિનો સમાવેશ છે તે **૩જી જુલાઈ, ૨૦૨૪** ના રોજ તે સભ્યોને મોકલવામાં આવ્યા છે જેમના ઈ-મેલ એડ્રેસ કંપની / ડિપોઝીટરીઝમાં નોંધાયેલા છે. વાર્ષિક અહેવાલ નીચે દર્શાવેલ વેબલિંક્સ પરથી ડાઉનલોડ કરી શકાશેઃ
https://www.paushak.com/annual-report.aspx
https://www.evoting.nsdl.com/

જો એજીએમમાં મંજૂર કરવામાં આવે તો ૨૦૨૩-૨૪ ના ફાઈનાન્સીયલ વર્ષ માટે ડિવિડન્ડની ચુકવણીના હેતુથી સભ્યોની હકદારી નક્કી કરવા માટે કંપનીએ **શુક્રવાર, તા. ૨૬મી જુલાઈ, ૨૦૨૪** ને 'રેકોર્ડ ડેટ' તરીકે નક્કી કરી છે.

નેશનલ સિક્યોરીટીઝ ડિપોઝિટરી લિમિટેડ ("NSDL") ની ઈ-વોટીંગ સેવાઓ દ્વારા કંપની તેના સભ્યોને ઈલેક્ટ્રોનિકલી મતદાન કરવાની સુવિધા આપતા આનંદ અનુભવે છે.

રિમોટ ઈ-વોટીંગ (એજીએમના સ્થળ સિવાયના સ્થળે થી ઈ-વોટીંગ) ની અવધિ **મંગળવાર, તા. ૩૦મી જુલાઈ, ૨૦૨૪** ના રોજ **સવારે ૯:૦૦ કલાકે** શરૂ થશે અને **ગુરૂવાર, તા. ૧લી ઓગષ્ટ, ૨૦૨૪** ના રોજ **સાંજે ૫:૦૦ કલાકે** સમાપ્ત થશે. આ સમયગાળા દરમ્યાન **શુક્રવાર, તા. ૨૬મી જુલાઈ, ૨૦૨૪** ની કટ-ઓફ તારીખે શેર ધરાવતા કંપનીના સભ્યોનો મત ઈલેક્ટ્રોનિકલી આપી શકે છે. ત્યારબાદ રિમોટ ઈ-વોટીંગ મોડ્યુલ NSDL દ્વારા બંધ કરવામાં આવશે.

ઈલેક્ટ્રોનિકલી મત ("ઈ-વોટીંગ") આપવાની સુવિધા એજીએમમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. એજીએમમાં હાજર રહેલ સભ્યો, જેમણે રિમોટ ઈ-વોટીંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી, તેઓ એજીએમમાં તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરી શકશે. જે સભ્યોએ રિમોટ ઈ-વોટીંગ દ્વારા પહેલાથી જ પોતાનો મત આપ્યો છે, તેઓ મીટીંગમાં હાજર રહી શકે છે પરંતુ તેઓ એજીએમ માં ફરીથી પોતાનો મત આપવા માટે હકદાર નથી. રિમોટ ઈ-વોટીંગ અને એજીએમ માં ઈ-વોટીંગ માટેની વિગતવાર પ્રક્રિયા એજીએમ નોટીસ માં આપવામાં આવી છે.

કોઈપણ સભ્ય જે ફીઝીકલ મોડમાં શેર્સ ધરાવતા હોય અને બિન-વ્યક્તિગત શેર હોલ્ડર્સ, જેઓએ કંપનીના શેર્સ ખરીદ્યા હોય અને નોટીસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બન્યા હોય અને કટ-ઓફ તારીખે શેર્સ ધરાવતા હોય તેઓ evoting@nsdl.com પર વિનંતી કરીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. જો તેઓ પહેલાથી જ રિમોટ ઈ-વોટીંગ માટે NSDL સાથે રજીસ્ટર થયેલ હોય તો તેઓ તેમના હાલના યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ મત આપવા માટે કરી શકે છે.

રિમોટ ઈ-વોટીંગ અંગે અથવા એજીએમ માં હાજરી આપવા અંગેના પ્રશ્નો અથવા સમસ્યાઓ માટે, કૃપા કરીને પલ્લવી મ્હાત્રે, સિનિયર મેનેજર, NSDL, ચોથો માળ, એ-વિંગ, ટ્રેડ વર્લ્ડ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ઈ-મેલઃ evoting@nsdl.com ટેલિ.: ૦૨૨-૪૮૮૬૭૦૦૦ નો સંપર્ક કરવો.

**પૌષક લિમિટેડ વતી,**
સહી/-
**સાગર ગાંધી**
**કંપની સેક્રેટરી**

**સ્થળ : વડોદરા**
**તારીખ : ૩જી જુલાઈ, ૨૦૨૪**

આ નોટીસ કંપનીની વેબસાઈટ **www.paushak.com** ના ઈન્વેસ્ટર સેક્શન અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ **www.bseindia.com** ના કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શનમાં પણ ઉપલબ્ધ રહેશે.